# પુણ્યતિથિ

## એક જન્મસિદ્ધના અવતરણનું સન્માન
## આશા રિચર્ડસ દ્વારા લિખિત વ્યાખ્યા

૮ ઑગસ્ટ, ૧૯૬૧ના દિવસે — મહાન સિદ્ધ અવધૂત, ભગવાન નિત્યાનંદ પૃથ્વીલોકથી પ્રયાણ કરીને પરમ ચિતિના અનંત આનંદમાં વિલીન થઈ ગયા. ગ્રેગોરિયન કેલેન્ડર પ્રમાણે ૮ ઑગસ્ટના દિવસે ભગવાન નિત્યાનંદની સૌર પુણ્યતિથિ હોય છે.

ભગવાન નિત્યાનંદ, બાબા મુક્તાનંદના શ્રીગુરુ હતા. બાબાજી, ભગવાન નિત્યાનંદને તેમના *પરમપ્રિય* ગુરુદેવ કહેતા હતા અને ભગવાન નિત્યાનંદ પાસેથી જ બાબાજીને ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ના દિવસે શક્તિપાત દીક્ષા પ્રાપ્ત થઈ હતી.

ભગવાન નિત્યાનંદના મહાનિર્વાણના સમયે બાબા મુક્તાનંદ ત્યાં ઉપસ્થિત હતા અને તેમણે ત્યાં જે પણ જોયું, તેનું ખૂબ જ હૃદયસ્પર્શી વર્ણન પોતાના પુસ્તક, ‘ગણેશપુરી નિવાસી ભગવાન નિત્યાનંદ’માં કર્યું છે.

***

ભારતમાં, એક સંત-મહાત્મા જ્યારે આ સંસારમાંથી પ્રયાણ કરે છે એ દિવસને ‘પુણ્યતિથિ’ કહેવામાં આવે છે એટલે કે પુણ્યનો દિવસ. જ્યારે ભગવાન નિત્યાનંદ (અથવા ‘બડે બાબા’, જેમ તેમને પ્રેમથી સંબોધિત કરવામાં આવતા હતા) જેવા મહાત્મા આ સંસારમાંથી પ્રયાણ કરે છે ત્યારે તેમની શક્તિ અને પોતાના જીવનકાળ દરમિયાન તેમણે કરેલાં સત્કર્મો દ્વારા સંચિત થયેલાં અગણિત પુણ્યોનાં ફળ તેમના ભક્તોના કલ્યાણ માટે આ ધરતી પર જ રહી જાય છે. આવા મહાત્માના મહાનિર્વાણનો દિવસ ભક્તો માટે સ્મરણ અને કૃતજ્ઞતાનો સમય છે. ભક્તો પ્રાર્થના કરે છે, પૂજા અને બીજાં પરંપરાગત અનુષ્ઠાનો કરે છે તેમજ ભગવાનની, શ્રીગુરુની અને જે મહાત્માની પુણ્યતિથિ છે તેમની સ્તુતિમાં નામસંકીર્તન કરે છે. પુણ્યથિતિ પાવન ઉત્સવનો દિવસ છે.

‘પુણ્યતિથિ’ શબ્દમાં સંસ્કૃત, હિન્દી અને ગુજરાતી ભાષાનો શબ્દ ‘પુણ્ય’ આધ્યાત્મિક માર્ગના મુમુક્ષુઓ માટે ઘણું મહત્ત્વ ધરાવે છે, અને હવે આગળ હું આ શબ્દનું અન્વેષણ કરીશ.

‘પુણ્ય’ શબ્દના વિવિધ સૂક્ષ્મ અર્થો છે જેમકે પુણ્ય એટલે એ જે શુભ, મંગલમય, નિર્મળ, સુખદ, સારું, ઉચિત, સદ્‌ગુણોવાળું, સુયોગ્ય, શુદ્ધ, પાવન અને પવિત્ર છે.[1] પુણ્યકર્મ કરવાથી વ્યક્તિ પુણ્ય સંચિત કરે છે. આ પુણ્ય એક ધાર્મિક જીવનની અદશ્ય પૂંજી છે; આવું પુણ્ય વ્યક્તિના દૈનિક જીવનને સદાચારી અને આધ્યાત્મિક જીવનમાં રૂપાંતરિત કરી દે છે, એક એવા જીવનમાં જે તેને ભગવાન તરફ દોરી જાય છે.

પુણ્યકર્મથી અર્જિત ફળ આ જન્મમાં જ નહીં પરંતુ આવતા જન્મમાં પણ વ્યક્તિનું કલ્યાણ કરે છે. આવાં પુણ્યકર્મ કરવાની સ્થિતિમાં હોવું એને પણ એક આશીર્વાદ માનવામાં આવે છે; તે એ વાતનું પ્રમાણ છે કે પૂર્વજન્મમાં તે વ્યક્તિએ સદ્ગુણોનું પાલન કર્યું હતું અને તેનું આચરણ એવું હતું જેનાથી બીજાં લોકોનું કલ્યાણ થયું.

***

'પુણ્ય' શબ્દના ઘણા અર્થોમાંથી એક અર્થ જેના તરફ હું વિશેષરૂપે આકર્ષિત થઈ છું, તે છે 'શુદ્ધતા'. હું ભારતમાં એક હિંદુ પરિવારમાં મોટી થઈ છું અને શીખી છું કે શુદ્ધતાની સંકલ્પના મહત્ત્વપૂર્ણ છે. મને યાદ છે કે ખાસ દિવસો પર, પરિવારના વડીલ દ્વારા ઘરમાં કુળદેવતાની પૂજા કરવામાં આવતી હતી. પૂજાવિધિ શરૂ કરતાં પહેલાં તેઓ સ્નાન કરીને શુદ્ધ થતા અને પૂજાવેદી પાસે જતાં પહેલાં, સ્વચ્છ કેસરી રંગની રેશમી ધોતી પહેરતા. અમે નાનાં હતાં એટલે અમને સતત યાદ અપાવવામાં આવતું હતું કે અમે ધ્યાન રાખીએ અને એ સુનિશ્ચિત કરીએ કે પૂજા કરવા માટે તૈયાર થઈ રહેલી વ્યક્તિને સ્પર્શ ન કરીએ. જો ભૂલથી અમે તેમને સ્પર્શ કરી લેતાં તો તેમને આખી પ્રક્રિયા ફરીથી શરૂ કરવી પડતી : ફરીથી સ્નાન કરવું પડતું અને નવાં વસ્ત્રો પહેરવાં પડતાં. મને ઘણા સમય પછી આ વાત સમજાઈ કે પ્રાર્થના અથવા પૂજા પહેલાં કરવામાં આવતી શારીરિક શુદ્ધિ અથવા બાહ્ય શુદ્ધીકરણ એ આંતરિક શુદ્ધીકરણનું પ્રતીક છે.

શ્રીભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે :

યેષાં ત્વન્તગતં પાપં જનાનાં પુણ્યકર્મણામ્।
તે દ્વન્દ્વમોહનિર્મુક્તા ભજન્તે માં દઢવ્રતાઃ॥

પરંતુ જેમનામાં બૂરાઈનો અંત થઈ ગયો છે,
જે મનુષ્યોનાં કર્મો શુદ્ધ છે;
તેઓ દ્વંદ્વોની માયાશક્તિથી મુક્ત થઈને
દઢસંકલ્પ સાથે મને ભજે છે.[૨]

શ્રીભગવદ્ગીતાનો ઉપદેશ છે કે મોક્ષ પ્રાપ્ત કરેલા મહાત્મા એટલે કે જેઓ ભગવાન સાથે એકાકાર થઈ ગયા છે, તેમનાં કર્મો શુદ્ધ હોય છે. આવા મહાત્મા સંસારને દિવ્યતાના પ્રાગટ્ય રૂપે જુએ છે. તેઓ પોતાની અંતર્નિહિત દિવ્યતાનું, લોકોમાં અને સંપૂર્ણ સૃષ્ટિમાં નિહિત દિવ્યતાનું સન્માન કરે છે અને આ રીતે નિરંતર ભગવાનની આરાધના કરે છે. પરિણામસ્વરૂપે તેમનાં કર્મો ઊંચ-નીચ, તારું-મારું, સારું-ખરાબ, સુખદાયી-દુઃખદાયી, ઇચ્છનીય-અનિચ્છનીય જેવાં દ્વંદ્વોના પ્રભાવથી મુક્ત હોય છે.

ઐક્યથી અલગ હોવાના મિથ્યાભાવને વશીભૂત થઈને તેમજ દ્વંદ્વોના આકર્ષણના પ્રભાવમાં રહીને કર્મ કરવાથી, ઘણા મનુષ્યો પોતાની અહંકારલક્ષી ઇચ્છાઓને સંરક્ષિત રાખવા અને તેને વધારવા માગે છે. આવું થાય ત્યારે

પાપકર્મનો પ્રભાવ વધી જાય છે અને ગીતામાં વર્ણન કરવામાં આવ્યું છે તેમ "બૂરાઈ"નો જન્મ થાય છે. પાપકર્મ એટલે એવાં કર્મો જે સ્વાર્થ, લોભ, ક્રોધ, ઈર્ષા અને મોહ જેવી નકારાત્મક વૃત્તિઓથી પ્રેરિત હોય છે. તે આપણા મનને ફસાવે છે અને એને ક્રૂરતાથી પકડી રાખે છે. તે આપણને આપણા સત્ય સ્વરૂપથી, આપણા આત્માની અંતર્જાત સારપ અને શુદ્ધતાના અનુભવથી દૂર ખેંચી જાય છે.

આ અવસ્થાનો ઉપાય છે, પુણ્યકર્મ કરતાં રહેવું. પુણ્યકર્મની રચના કરનારાં કલ્યાણકારી કર્મો આપણને આપણી પોતાની દિવ્યતાના અને આ સંસારમાં નિહિત દિવ્યતાના બોધને દઢ કરવામાં સહાય કરે છે. જરૂરિયાતમંદોની મદદ કરવી, સાચું બોલવાનું સાહસ રાખવું, પ્રામાણિક રહેવું, પડકારજનક પરિસ્થિતિઓમાં શાંત રહેવું, બધાં જીવો પ્રત્યે દયાળુ અને વિનયપૂર્વક રહેવું — આ બધાં જ પુણ્યકર્મોનાં ઉદાહરણ છે જેને કોઈપણ જગ્યાએ, કોઈપણ સમયે કરી શકાય છે. આવાં કર્મો કરવાથી આપણને ઉદારતા, શાંતચિત્તતા, બળ, પરાક્રમ, કરુણા, સન્માન અને પ્રેમ જેવા ઉમદા સદ્‌ગુણોનો વિકાસ કરવામાં મદદ મળે છે. સમય જતાં, આપણે આપણી અંદર આ સકારાત્મક ગુણોના એક ભંડારનું નિર્માણ કરીએ છીએ અને જીવનના ઉતાર-ચડાવની વચ્ચે આગળ વધતી વખતે આ સદ્‌ગુણો આપણા નિરંતર સાથી બનીને આપણને આપણા લક્ષ્ય પર એકાગ્ર રહેવામાં મદદ કરે છે.

પુણ્યકર્મો દ્વારા આપણે મનના નકારાત્મક સંસ્કારોની મલિનતાને ધોઈ નાખીએ છીએ, મોહનાં બંધનોને ખંતપૂર્વક તોડી નાખીએ છીએ અને દ્વૈતની ધારણાને નષ્ટ કરી દઈએ છીએ જેના કારણે આપણે એ મિથ્યા સમજ ધરાવીએ છીએ કે આ સંસાર આપણા આત્માથી ભિન્ન છે. જે રીતે નદીનો નિરંતર પ્રવાહ તેના પટ પર પડેલા પથ્થરોમાંથી માટીને વહાવી જાય છે, તે રીતે જાગરૂકતાથી અને વારંવાર સારાં, સત્કર્મો — પુણ્યકર્મ — કરતાં રહેવાથી આપણે મનની અશુદ્ધિઓને ધોઈને તેને સાફ કરી દઈએ છીએ. પુણ્યકર્મ મનને તેની શુદ્ધીકરણની યાત્રામાં આગળ વધારે છે. આવું શુદ્ધ મન અનંત આકાશ જેવું બની જાય છે — જેની વ્યાપકતા કલ્પનાતીત છે.

***

એક મહાત્માની પુણ્યતિથિ પર આપણે તેમનું સન્માન કરીએ છીએ અને તેમના અસાધારણ પુણ્ય માટે કૃતજ્ઞતા અર્પિત કરીએ છીએ. આપણે સ્મરણ કરીએ છીએ કે કેવી રીતે તેમના જીવન અને તેમનાં કર્મોથી 'પુણ્ય' શબ્દના બધા સુંદર અર્થો પ્રસરિત થાય છે. આપણે તેમના પ્રત્યે આપણી કૃતજ્ઞતા અર્પિત કરીએ છીએ, આ ધરતી પર ભૌતિક રૂપ ધારણ કરવા માટે, સાધકોના જીવનમાં અને તેમની સાધનામાં તેમને માર્ગદર્શિત કરવા માટે તેમજ એ લાભો માટે જે આપણને તેમની શક્તિ અને અવર્ણનીય પુણ્યકર્મથી નિરંતર પ્રાપ્ત થતા રહે છે.

આવું કરવાની એટલે કે જેમની પુણ્યતિથિ આપણે મનાવી રહ્યાં છીએ એ મહાત્માનું સ્મરણ કરવાની ઘણી બધી રીતો છે. પરંતુ, ભારતમાં પુણ્યતિથિના અવસર પર એકબીજાને "શુભ પુણ્યતિથિ!" કહીને શુભકામના આપવાનો રિવાજ *નથી.* હું આ એટલા માટે કહી રહી છું કારણ કે સિદ્ધયોગ પથ પર એવા ઘણા પ્રસંગો છે જ્યારે આપણે "શુભ" શબ્દનો ઉપયોગ કરીએ છીએ (ઉદાહરણ તરીકે, "શુભ ગુરુપૂર્ણિમા").

હું આના વિશે થોડા વિસ્તારથી સમજાવીશ. પહેલી વાત, "શુભ" અને "પુણ્ય"નો અર્થ એક જ છે, જે માંગલ્યને વ્યક્ત કરે છે અને એટલા માટે બંનેનો એકસાથે ઉપયોગ કરવો નિરર્થક છે. તદુપરાંત, કોઈને "શુભ પુણ્યતિથિ" કહેવું અથવા "શુભ ભગવાન નિત્યાનંદની પુણ્યતિથિ" કહેવું, તે એવું છે જાણે તેમને શુભ પ્રયાણની શુભકામનાઓ આપવી. આ એવી વાત નથી જેની શુભેચ્છા કોઈ જીવિત વ્યક્તિને આપવી જોઈએ.

સિદ્ધયોગી તરીકે આપણા માટે એ ખૂબ જ મહત્ત્વનું છે કે આપણે ભગવાન નિત્યાનંદની પુણ્યતિથિના સંદર્ભમાં 'પુણ્ય' શબ્દ પર મનનચિંતન કરીએ. બડે બાબા એક જન્મસિદ્ધ હતા એટલે કે તેમનો જન્મ પૂર્ણ આત્મ-સાક્ષાત્કાર સાથે થયો હતો; જન્મથી જ તેઓ અહંકારની સ્વાર્થભાવના અને દ્વૈતબોધની પરે હતા. તેમના નામની જેમ જ તેઓ 'નિત્યાનંદ'ની સ્થિતિમાં રહેતા હતા એટલે કે તેઓ ચિરસ્થાયી અર્થાત્ નિત્ય આનંદની સ્થિતિમાં રહેતા હતા અને આ પૃથ્વીગ્રહ પર તેમની ઉપસ્થિતિ ઉદારતાની અભિવ્યક્તિ હતી.

બડે બાબાનું દરેક કર્મ, તેમનો દરેક શબ્દ, તેમની સમક્ષ આવનારાં લોકો પર તેમનો દરેક દૃષ્ટિપાત — આ બધું જ કલ્યાણકારિતાથી, સદ્‌ગુણથી, માંગલ્યથી એટલે કે પુણ્યથી પરિપૂર્ણ હતું. આ આપણને ત્યારે સમજાય છે જ્યારે આપણે જોઈએ છીએ કે કેવી રીતે બડે બાબાએ હજારો લોકોનાં જીવનને સ્પર્શ કર્યો, કેવી રીતે તેમણે તેમની પાસે આવનારાં અસંખ્ય લોકોનું દુઃખ હરી લીધું અને એ લોકોની સાધનાને માર્ગદર્શિત કરી જેમની અંદર ભગવાનને જાણવાની લલક હતી. આજે પણ, ભારતભરમાં — સાધારણ ઘરોમાં અને સમૃદ્ધ ઘરોમાં; ચાની નાનકડી દુકાનોમાં અને મોટાં-મોટાં વ્યાવસાયિક સ્થાનોમાં; શહેરો, નગરો અને નાનાં ગામડાંઓમાં — લોકોનાં ઘરમાં તેમની પૂજાવેદીમાં આપણને બડે બાબાનો ફોટો જોવા મળે છે.

આ ધરતી પર બડે બાબાની ઉપસ્થિતિથી એ બધાંને અનેકાનેક આશીર્વાદો પ્રાપ્ત થયા જેમણે તેમનાં દર્શન કર્યાં, જેમણે તેમની પૂજા કરી, જેમણે તેમની શિખામણોને યાદ રાખીને હૃદયમાં ઉતારી — અને તેમની કૃપા વિશ્વભરમાં અસંખ્ય જીવો પર નિરંતર આશીર્વાદો વરસાવી રહી છે. આ જ છે જેનું આપણે તેમની પુણ્યતિથિના અવસર પર સન્માન કરીએ છીએ અને જેના માટે આપણે હૃદયના ઊંડાણથી કૃતજ્ઞતા અર્પિત કરીએ છીએ.

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

---

[1] Monier Monier-Williams, *A Sanskrit-English Dictionary* (દિલ્હી, ભારત : મોતીલાલ બનારસીદાસ, ૧૯૯૫) પૃ. ૬૩૨.

[2] ભગવદ્‌ગીતા ૭.૨૮; સ્વામી કૃપાનંદ દ્વારા લિખિત *Jnaneshwar's Gita: A Rendering of the Jnaneshwari* માંથી ઉદ્ધૃત (સાઉથ ફૉલ્સબર્ગ, ન્યૂયોર્ક : એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન, ૧૯૯૯) પૃ. ૯૬.